# ૧૫

# સપ્તભંગી

## સપ્તભંગી અને એનો આધાર

**ભિન્ન ભિન્ન** અપેક્ષાઓ, દૃષ્ટિબિંદુઓ અને મનોવૃત્તિઓથી એક જ વસ્તુના જે ભિન્ન ભિન્ન દર્શન ફલિત થાય છે, એને જ આધારે ભંગવાદની રચના થાય છે. જે બે દર્શનોના વિષય બરાબર એકબીજાથી સાવ વિરોધી હોય, એવાં દર્શનો વચ્ચે સમન્વય બતાવવાની દૃષ્ટિએ, એના વિષયરૂપ ભાવાત્મક અને અભાવાત્મક બન્ને અંશોને લઈને, એના આધારે જે સંભવિત વાક્યભંગો રચવામાં આવે છે, એ જ સપ્તભંગી છે. સપ્તભંગીનો આધાર નયવાદ છે, અને એનું ધ્યેય સમન્વય છે, અર્થાત્ અનેકાંતકોટીનું વ્યાપક દર્શન કરાવવું એ છે. જેવી રીતે કોઈ પણ પ્રમાણથી જાણેલ પદાર્થનો બીજાને બોધ કરાવવા માટે પરાર્થઅનુમાન અર્થાત્ અનુમાનવાક્યની રચના કરવામાં આવે છે, એવી જ રીતે વિરુદ્ધ અંશોનો સમન્વય શ્રોતાને સમજાવવાની દૃષ્ટિએ ભંગ-વાક્યની રચના પણ કરવામાં આવે છે. આ રીતે નયવાદ અને ભંગવાદ અનેકાંતદૃષ્ટિના ક્ષેત્રમાં આપોઆપ ફલિત થઈ જાય છે.

[દઔચિં૦ ખં૦ ૨, પૃ૦ ૧૭૨]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સાત ભંગો અને એનું મૂળ

(૧) ભંગ એટલે વસ્તુનું સ્વરૂપ દર્શાવનાર વચનના પ્રકાર અર્થાત્ વાક્યરચના.

(૨) એ સાત કહેવાય છે, છતાં મૂળ તો ત્રણ [(૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ અને (૩) સ્યાદ્ અવક્તવ્ય] જ છે. બાકીના ચાર [(૧) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ, (૨) સ્યાદ્ અસ્તિ-અવક્તવ્ય, (૩) સ્યાદ્ નાસ્તિ-અવક્તવ્ય અને (૪) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય] એ ત્રણ મૂળ ભંગોના પારસ્પરિક વિવિધ સંયોજનથી થાય છે.

(૩) કોઈ પણ એક વસ્તુ વિશે કે એક જ ધર્મ પરત્વે ભિન્ન ભિન્ન વિચારકોની માન્યતામાં ભેદ દેખાય છે. એ ભેદ વિરોધરૂપ છે કે નહિ અને જો ન હોય તો દેખાતા વિરોધમાં અવિરોધ કેવી રીતે ઘટાવવો? અથવા એમ કહો કે અમુક વિવક્ષિત વસ્તુ પરત્વે જ્યારે ધર્મવિષયક દૃષ્ટિભેદો દેખાતા હોય ત્યારે એવા ભેદોનો પ્રમાણપૂર્વક સમન્વય કરવો, અને તેમ કરી બધી સાચી દૃષ્ટિઓને તેના યોગ્ય સ્થાનમાં ગોઠવી ન્યાય આપવો એ ભાવનામાં સપ્તભંગીનું મૂળ છે.

## સપ્તભંગીનું કાર્ય : વિરોધનો પરિહાર

દાખલા તરીકે એક આત્મદ્રવ્યની બાબતમાં તેના નિત્યત્વ વિશે દૃષ્ટિભેદ છે. કોઈ આત્માને નિત્ય માને છે તો કોઈ નિત્ય માનવા ના પાડે છે. કોઈ વળી એમ કહે છે કે એ તત્ત્વ જ વચન-અગોચર છે. આ રીતે આત્મતત્ત્વની બાબતમાં ત્રણ પક્ષ પ્રસિદ્ધ છે. તેથી વિચારવું એ પ્રાપ્ત થાય છે કે શું તે નિત્ય જ છે અને અનિત્યત્વ તેમાં પ્રમાણબાધિત છે? અથવા શું તે અનિત્ય જ છે અને નિત્યત્વ એમાં પ્રમાણબાધિત છે? અથવા તેને નિત્ય કે અનિત્ય રૂપે ન કહેતાં અવક્તવ્ય જ કહેવું એ યોગ્ય છે? આ ત્રણ વિકલ્પોની પરીક્ષા કરતાં ત્રણે સાચા હોય તો એમનો વિરોધ દૂર કરવો જ જોઈએ. જ્યાં સુધી વિરોધ ઊભો રહે ત્યાં સુધી પરસ્પર વિરુદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનેક ધર્મો એક વસ્તુમાં છે એમ કહી જ ન શકાય. તેથી વિરોધ-પરિહાર તરફ જ સપ્તભંગીની દૃષ્ટિ પહેલવહેલી જાય છે. તે નક્કી કરે છે કે આત્મા નિત્ય છે, પણ સર્વ દૃષ્ટિએ નહિ; માત્ર મૂળ તત્ત્વની દૃષ્ટિએ તે નિત્ય છે, કારણ કે ક્યારે પણ તે તત્ત્વ ન હતું અને પછી ઉત્પન્ન થયું એમ નથી, તેમ જ ક્યારેક એ તત્ત્વ મૂળમાંથી જ નાશ પામશે એમ પણ નથી. તેથી તત્ત્વરૂપે એ અનાદિનિધન છે અને તે જ તેનું નિત્યત્વ છે. આમ છતાં તે અનિત્ય પણ છે, પરંતુ એનું અનિત્યત્વ તત્ત્વદૃષ્ટિએ ન હોતાં માત્ર અવસ્થાની દૃષ્ટિએ છે. અવસ્થાઓ તો પ્રતિસમયે નિમિત્તાનુસાર બદલાતી જ રહે છે. જેમાં કાંઈ ને કાંઈ રૂપાંતર થતું ન હોય, જેમાં આંતરિક કે બાહ્ય નિમિત્ત પ્રમાણે સૂક્ષ્મ કે સ્થૂળ અવસ્થાભેદ સતત ચાલુ ન હોય એવા તત્ત્વની કલ્પના જ નથી થઈ શકતી. તેથી અવસ્થાભેદ માનવો પડે છે; અને એ જ અનિત્યત્વ છે. આ રીતે આત્મા તત્ત્વરૂપે (સામાન્ય રૂપે) નિત્ય છતાં, અવસ્થારૂપે (વિશેષ રૂપે) અનિત્ય પણ છે. નિત્યત્વ અને અનિત્યત્વ બન્ને એક જ સ્વરૂપે એક વસ્તુમાં માનતાં વિરોધ આવે; જેમ કે, તત્ત્વરૂપે જ આત્મા નિત્ય છે એમ માનનાર તે જ રૂપે અનિત્ય પણ માને તો. એ જ પ્રમાણે આત્મા નિત્ય, અનિત્ય આદિ શબ્દ દ્વારા તે તે રૂપે પ્રતિપાદ્ય છતાં સમગ્ર રૂપે કોઈ પણ એક શબ્દથી કહી શકાય નહિ માટે તે અસમગ્ર રૂપે શબ્દનો વિષય થાય છે; છતાં સમગ્ર રૂપે એવા કોઈ શબ્દનો વિષય નથી થઈ શકતો, માટે અવક્તવ્ય પણ છે. આ રીતે એક નિત્યત્વધર્મને અવલંબી આત્માના વિષયમાં નિત્ય, અનિત્ય અને અવક્તવ્ય એવા ત્રણ પક્ષો—ભંગો વાજબી ઠરે છે.

એ જ પ્રમાણે એકત્વ, સત્ત્વ, ભિન્નત્વ, અભિલાપ્યત્વ આદિ સર્વસાધારણ ધર્મો લઈ કોઈ પણ વસ્તુ વિશે એવા ત્રણ ભંગો બને, અને તે ઉપરથી સાત બને. ચેતનત્વ, ઘટત્વ આદિ અસાધારણ ધર્મોને લઈને પણ સપ્તભંગી ઘટાવી શકાય. એક વસ્તુમાં વ્યાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે અવ્યાપક જેટજેટલા ધર્મો હોય તે દરેકને લઈ તેની બીજી બાજુ વિચારી સપ્તભંગ ઘટાવી શકાય.

પ્રાચીન કાળમાં આત્મા, શબ્દ આદિ પદાર્થોમાં નિત્યત્વ-અનિત્યત્વ, સત્ત્વ-અસત્ત્વ, એકત્વ-બહુત્વ, વ્યાપકત્વ-અવ્યાપકત્વ આદિની બાબતમાં પરસ્પર તદ્દન વિરોધી વાદો ચાલતા. એ વાદોનો સમન્વય કરવાની વૃત્તિમાંથી ભંગકલ્પના આવી. એ ભંગકલ્પનાએ પણ પાછું સાંપ્રદાયિક વાદનું રૂપ ધારણ કર્યું અને સપ્તભંગીમાં પરિણમન થયું.

સાતથી વધારે ભંગો સંભવતા નથી, માટે જ સાતની સંખ્યા કહી છે. મૂળ ત્રણની વિવિધ સંયોજના કરો અને સાતમાં અંતર્ભાવ ન પામે એવો ભંગ ઉપજાવી શકો તો જૈન દર્શન સપ્તભંગિત્વનો આગ્રહ કરી જ ન શકે.

આનો ટૂંકમાં સાર નીચે પ્રમાણે :—

૧. તત્કાલીન ચાલતા વિરોધી વાદોનું સમીકરણ કરવું, એ ભાવના સપ્તભંગીની પ્રેરક છે.

૨. તેમ કરી વસ્તુના સ્વરૂપની ચોકસાઈ કરવી અને યથાર્થ જ્ઞાન મેળવવું, એ એનું સાધ્ય છે.

૩. બુદ્ધિમાં ભાસતા કોઈ પણ ધર્મ પરત્વે મૂળમાં ત્રણ જ વિકલ્પો સંભવે છે અને ગમે તેટલા શાબ્દિક પરિવર્તનથી સંખ્યા વધારીએ તોયે સાત જ થઈ શકે.

૪. જેટલા ધર્મો તેટલી જ સપ્તભંગી છે. આ વાદ અનેકાંતદષ્ટિનો વિચારવિષયક એક પુરાવો છે. આના દાખલાઓ, જે શબ્દ, આત્મા વગેરે આપ્યા છે, તેનું કારણ એ છે કે પ્રાચીન આર્ય વિચારકો આત્માનો વિચાર કરતા અને બહુ તો આગમપ્રામાણ્યની ચર્ચામાં શબ્દને લેતા.

૫. વૈદિક આદિ દર્શનોમાં, ખાસ કરી વલ્લભદર્શનમાં, 'સર્વ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મસમન્વય' છે, તે આનું જ એક રૂપ છે. શંકર પોતે વસ્તુને વર્ણવે છે, છતાં અનિર્વચનીય કહે છે.

૬. પ્રમાણથી બાધિત ન હોય એવું બધું જ સંઘરી લેવાનો આની પાછળ ઉદ્દેશ છે—પછી ભલે તે વિરુદ્ધ મનાતું હોય.

[દઅચિં૦ ભા૦ ૨, પૃ૦ ૧૦૬૨-૧૦૬૪]

**મહત્ત્વના ચાર ભંગોનો અન્યત્ર મળતો નિર્દેશ**

સપ્તભંગીના સાત ભંગોમાં શરૂઆતના ચાર જ મહત્ત્વના છે,[1] કેમ કે વેદ, ઉપનિષદ વગેરે ગ્રંથોમાં તથા 'દીઘનિકાય'ના બ્રહ્મ-જાલ સૂત્રમાં આવા ચાર વિકલ્પોનો છૂટોછવાયો કે એકસાથે નિર્દેશ મળી આવે છે. સાત ભંગોમાં જે છેલ્લા ત્રણ ભંગ છે, એનો નિર્દેશ કોઈના પક્ષરૂપે—મંતવ્યરૂપે ક્યાંય જોવામાં નથી આવ્યો. તેથી શરૂઆતના ચાર ભંગ જ પોતાની ઐતિહાસિક ભૂમિકા ધરાવે છે, એમ નક્કી થાય છે.

**'અવક્તવ્ય' અર્થ અંગે કેટલીક વિચારણા**

શરૂઆતના ચાર ભંગોમાં એક 'અવક્તવ્ય' નામનો ભંગ પણ છે. એના અર્થ સંબંધમાં કંઈક વિચાર કરવા જેવું છે. આગમયુગના પ્રારંભથી 'અવક્તવ્ય' ભંગનો અર્થ એવો કરવામાં આવે છે કે સત્-અસત્ કે નિત્ય-અનિત્ય વગેરે બે અંશોનું એકસાથે પ્રતિપાદન કરી શકે એવો કોઈ શબ્દ નથી, એટલા માટે આવું પ્રતિપાદન કરવાની ઇચ્છા થઈ આવતાં વસ્તુ 'અવક્તવ્ય' છે. પરંતુ અવક્તવ્ય શબ્દનો ઇતિહાસ જોતાં કહેવું પડે છે કે એની બીજી અને ઐતિહાસિક વ્યાખ્યા પ્રાચીન શાસ્ત્રોમાં છે.

૧. આ સાત ભંગ આ પ્રમાણે છે : (૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ, (૩) સ્યાદ્ અસ્તિ–નાસ્તિ, (૪) સ્યાદ્ અવક્તવ્ય, (૫) સ્યાદ્ અસ્તિ-અવક્તવ્ય, (૬) સ્યાદ્ નાસ્તિ-અવક્તવ્ય અને (૭) સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપનિષદમાં 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'[૧] એ ઉક્તિ દ્વારા બ્રહ્મના સ્વરૂપને અનિર્વચનીય અથવા વચનાગોચર કહ્યું છે, એ જ પ્રમાણે આચારાંગમાં પણ 'सव्वे सरा निअट्टंति, तत्थ झुणी न विज्जइ'[૨] વગેરે દ્વારા આત્માના સ્વરૂપને વચનાગોચર કહ્યું છે. બુદ્ધે પણ અનેક વસ્તુઓને 'અવ્યાકૃત'[૩] શબ્દ દ્વારા વચનાગોચર કહી છે.

જૈન પરંપરામાં 'અનભિલાપ્ય'[૪] ભાવ પ્રસિદ્ધ છે, જે ક્યારેય વચનગોચર નથી થતા. હું માનું છું કે સપ્તભંગીમાં 'અવક્તવ્ય'થી જે અર્થ લેવામાં આવે છે, તે જૂની વ્યાખ્યાનું વાદાશ્રિત અને તર્કગમ્ય બીજું રૂપ છે.

**સપ્તભંગી સંશયાત્મક જ્ઞાન નથી**

સપ્તભંગીની વિચારણા પ્રસંગે એક વાતનો નિર્દેશ કરવો જરૂરી છે. શ્રી શંકરાચાર્યે 'બ્રહ્મસૂત્ર' ૨-૨-૩૩ના ભાષ્યમાં સપ્તભંગીનો 'સંશયાત્મક જ્ઞાન' તરીકે નિર્દેશ કર્યો છે. શ્રી રામાનુજાચાર્યે પણ એમનું જ અનુસરણ કર્યું છે. એ તો થઈ પ્રાચીન ખંડનમંડનપ્રધાન સાંપ્રદાયિક યુગની વાત; પણ જેમાં તુલનાત્મક અને વ્યાપક અધ્યયન કરવામાં આવે છે એવા નવા યુગના વિદ્વાનોના આ સંબંધી વિચારો જાણવા જોઈએ. ડૉ. એ. બી. ધ્રુવ, જેઓ ભારતીય તેમ જ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની બધી શાખાઓના પારદર્શી વિદ્વાન હતા—ખાસ કરીને શાંકર વેદાંતના વિશેષ પક્ષપાતી હતા—તેઓએ પોતાના 'જૈન અને બ્રાહ્મણ'[૫] ભાષણમાં સ્પષ્ટ કહ્યું છે કે સપ્તભંગી એ કંઈ સંશય-જ્ઞાન નથી; એ તો સત્યનાં જુદા જુદા પ્રકારનાં સ્વરૂપોનું નિદર્શન

---

૧. તૈત્તિરીય ઉપનિષદ ૨-૪.
૨. આચારાંગ સૂ૦ ૧૭૦.
૩. મજ્ઝિમનિકાય સુ૦ ૬૩.
૪. વિશેષાવશ્યકભાષ્ય ૧૪૧, ૪૮૮.
૫. આપણો ધર્મ પૃ૦ ૬૭૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરાવતી એક વિચારસરણી છે. શ્રી નર્મદાશંકર મહેતા, જેઓ ભારતીય સમગ્ર તત્ત્વજ્ઞાનની પરંપરાઓ અને ખાસ કરીને વેદ-વેદાંતની પરંપરાઓના અસાધારણ મૌલિક વિદ્વાન હતા, અને જેઓએ 'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' વગેરે અનેક અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યાં છે, તેઓએ પણ (પૃ. ૨૧૩–૨૧૯) સપ્તભંગીનું નિરૂપણ બિલકુલ અસાંપ્રદાયિક દૃષ્ટિએ કર્યું છે, જે વાંચવા જેવું છે. સર સર્વપલ્લી રાધાકૃષ્ણન,[૧] ડૉ. દાસગુપ્તા[૨] વગેરે તત્ત્વચિંતકોએ પણ સપ્તભંગીનું નિરૂપણ જૈન દૃષ્ટિબિંદુને બરાબર સમજીને જ કર્યું છે.

[દઔચિં૦, ખં૦ ૨, પૃ૦ ૫૦૩–૫૦૪]

૧. ઇન્ડિયન ફિલોસોફી વો. ૧, પૃ૦ ૩૦૨.

૨. એ હિસ્ટરી ઑફ ઇન્ડિયન ફિલોસોફી વો. ૧, પૃ૦ ૧૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org